GJVD060008872024

**મે.વાઘોડીયાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, મુ.વાઘોડીયા.**

**ક્રિમીનલ કેસ નં.૭૩૭/૨૦૨૪**
**આંક–**

**ફરીયાદી** – શ્રી સરકાર.
**વિરુધ્ધ.**

**આરોપી** –
(૨) ભગાભાઇ ઇશ્વરદાસ જાતે ભીલ
(૩) પ્રભુભાઇ મદતીભાઇ જાતે બારીયા
(૬) ધર્મેશભાઇ ભઇલાલભાઇ ગાંધી
(૮) આરીફભાઇ ઉસ્માનભાઇ જાતે મલેક

**ગુનો**–જુગારધારાની કલમ–૧૨(અ) મુજબ.

**–ઠરાવ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પોતાના આર્થીક ફાયદા સારૂ વરલી મટકાના આંક ફરકના આંકડા રમી રમાડી તથા અંગજડતીમાંથી રોકડ રકમ તથા જુગારના સાધનો સાથે પકડાઇ જઇ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાના આરોપ હેઠળ ગુનો નોંધી ગુના અંગે વધુ તપાસ હાથ ધરી આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલુ.

(૨) આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આરોપીઓને વોરંટ કરવામાં આવેલ અને આરોપીઓ પૈકી આરોપી નં.૨,૩,૬,૮ નાઓ આજરોજ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડ્યાની ખાત્રી કરી સદર આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવી અલગથી ગુના પુરસીસ આપી સ્વેચ્છાએ અદાલતમાં ગુનો કબુલ કરેલ છે, જેથી કબુલાત સ્વીકાર કરાયેલ.

(૩) આરોપીઓએ વધુમાં જણાવેલ છે કે, તેમનો ગુનાહિત ઈતિહાસ નથી, રીઢા ગુનેગાર નથી હવે આ ગુન્હાનું પુનરાવર્તન કરશે નહી, તેના કહેવા પ્રમાણે તેને જેલની સજા કરવામાં આવે તો તેની પાછળ કુટુંબમાં કમાનારુ કોઈ નથી, વધારે સજા કરવામાં આવશે તો તેના કુટુંબની સારસંભાળ અને ભરણપોષણને સીધી અસર થાય તેમ હોય તે જેલમાં રહી શકે તેવી પરિસ્થિતીમાં નથી, આથી તેઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદો ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯, નટવર હરચંદ ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ, કાયદામાં ઠરાવેલ સજા કરતાં લઘુત્તમ સજા કરી આરોપીઓને દંડ સ્વરુપની સજા કરવી ન્યાયોચિત જણાતું હોય આરોપીઓને સદર ગુનામાં દોષિત ઠેરવી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–હુકમ–**

આ કામનાં આરોપી નં.૨,૩,૬,૮ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુનામાં દોષિત ઠેરવી, દરેક આરોપીને રૂા.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) દંડનો હુકમ ફરમાવવામાં આવે છે. દંડ ન ભરતા આરોપીને વધુ દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**આરોપીઓએ કુલ રૂા.૪,૦૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર પુરા) દંડ ભરવો.**

આ કામે આરોપી નં.(૪) અને (૭) નાઓ સામે ઈન્સાફી કાર્યવાહી પેન્ડીંગ હોય મુદ્દામાલ સંબંધે કોઇ હુકમ નથી.

આ કામે આરોપી નં.(૧) અને (૫) નાઓ સામેનો કેસ મારા પુરોગામીશ્રી નાઓ ધ્વારા તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ કબુલાતથી ફેંસલ કરેલ છે.

આ હુકમ આજરોજ તા.૪થી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૦૪–૦૮–૨૦૨૫
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૩૫૭]

S.R.Tadvi

GJVD060008872024

**<u>મે.વાઘોડીયાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, મુ.વાઘોડીયા.</u>**

**<u>ક્રિમીનલ કેસ નં.૭૩૭/૨૦૨૪</u>**
**આંક–**

**<u>ફરીયાદી</u>** – શ્રી સરકાર.
**<u>વિરુધ્ધ.</u>**

આરોપી નં. (૧) સલીમભાઇ રૂપસિંગભાઇ જાતે ગરાસીયા
આરોપી નં. (૫) કમલેશભાઇ રમેશભાઇ તડવી

<u>**ગુનો–**જુગારધારાની કલમ–૧૨(અ) મુજબ.</u>

**<u>–ઠરાવ–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ જાહેરમાં પોતાના આર્થીક ફાયદા સારૂ વરલી મટકાના આંક ફરકના આંકડાનો જુગાર રમતા રમાડતા પકડાઇ જઇ અંગજડતીમાંથી રોકડ રકમ તથા જુગારના સાધનો સાથે પકડાઇ જઇ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાના આરોપ હેઠળ ગુનો નોંધી ગુના અંગે વધુ તપાસ હાથ ધરી આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલુ.

(૨) આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપી નં.(૧) તથા (૫) નાઓ હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડ્યાની ખાત્રી કરી આરોપી નં.(૧) તથા (૫) નાઓની પ્લી રેકર્ડ કરતા આરોપી નં.(૧) તથા (૫) નાઓએ ગુનો કબુલ હોવાનું જણાવી અલગથી ગુના પુરસીસ આપી સ્વૈચ્છાએ લોક અદાલતમાં ગુનો કબુલ કરેલ છે, જેથી કબુલાત સ્વીકાર કરાયેલ.

(૩) સદર આરોપીઓએ વધુમાં જણાવેલ છે કે, તેમનો ગુનાહિત ઈતિહાસ નથી, રીઢા ગુનેગાર નથી હવે આ ગુન્હાનું પુનરાવર્તન કરશે નહી, તેના કહેવા પ્રમાણે તેને જેલની સજા કરવામાં આવે તો તેની પાછળ કુટુંબમાં કમાનારુ કોઇ નથી, વધારે સજા કરવામાં આવશે તો તેના કુટુંબની સારસંભાળ અને ભરણપોષણને સીધી અસર થાય તેમ હોય તે જેલમાં રહી શકે તેવી પરિસ્થિતીમાં નથી, આથી તેઓને દંડ સ્વરુપની સજા કરવી ન્યાયોચિત જણાતું હોય ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં નજીવો છે, ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઇ આરોપી નં.(૧) તથા (૫) નાઅોને જુગાર ધારાની કલમ–૧૨ ના ગુનામાં દોષિત ઠેરવી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે

છે.

**<u>-હુકમ-</u>**

- આ કામનાં આરોપી નં.(૧) તથા (૫) નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ મુજબ જુગાર ધારાની  કલમ-૧૨ ના ગુનામાં દોષિત ઠેરવી, બંને આરોપીને રૂા.૧૦૦/-(અંકે રૂપિયા એકસો પુરા) દંડનો હુકમ ફરમાવવામાં આવે છે. દંડ ન ભરતા આરોપીઓને વધુ દિન-૧૦  ની સાદી   કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
- **<u>આરોપીઓએ કુલ રૂા.૨૦૦/-(અંકે રૂપિયા  બસ્સો પુરા) દંડ ભરવો.</u>**
- આરોપી નં.૨,૩,૪,૬,૭,૮ સામે સદર કેસની ઇન્સાફી કાર્યવાહી પેન્ડીંગ હોઇ મુદ્દામાલ સંબંધે કોઇ હુકમ નથી.
- આરોપી નં.૨,૩,૪,૬,૭,૮ સામેની સદર કેસની ઇન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨મી, માહે-જુન, સને-૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૨૨-૦૬-૨૦૨૪
વાઘોડીયા.

**(મોહિત શર્મા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ
કલાસ,વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૩૨૩]

S.R.Tadvi